## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

લઈ લીધી લગામ, પાટીલે પાટીયાં કાઢી નાખ્યાં,
'છાપેલાં' હતા નામ એ, મૂળે સહિત કઢી નાખ્યાં,
કાઢી નાખ્યાં ધોરણ જિલ્લા-કોમ પ્રતિનિધિત્વનાં -
પક્ષમાં કુસંપ - અસંતોષના બીજ વાવી નાખ્યાં.

દોડશે હવે
પાટીલની બૂલેટ
ઘરડાં વિના...

ચાર ચાસણી
ચાણક્યથી વધારે !
અમિતભાઈ!

(બીન અનુભવી પ્રધાનમંડલ)

હાઈકુ

### ચિંતન

**તીક્ષ્ણ ધારેણ ખંડેન વરં જીહ્વા દ્વિધા કૃતા ।**
**ન તુ માનં પરિત્યજ્ય દેહિ દેહીતિ ભાષણમ્ ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

તીક્ષ્ણ ધારની તલવારથી જીભના બે ટકટા કરવા સારા પણ આપો-આપો એમ કહી માગવાની વૃત્તિ એવા માનભંગ થાય એવાં વચન બોલવાં યોગ્ય નથી.

સ્વભાવમાં સહન કરવાની વૃત્તિ ચલાવી લેવાની તૈયારી હોવી જોઈએ. આજની પેઢી ચલાવી લેવાની તૈયારી નથી દાખવતી. ઉધાર-હપ્તા માગી લાવીને પણ સારા-ઊંચા મોટા દેખાવાની વૃત્તિ એક ગુપ્ત દંભ છે. માણસે કોઈ વસ્તુ ન હોય તો ચલાવી લેવાની ટેવ રાખવી જોઈએ. આ વાત ખાવા-પીવા, પહેરવા - ઓઢવામાં અને રહેણીકરણીના તમામ મોજશોખના સાધનોને લાગુ પડે છે. ચાલશે - ભાવશે - ફાવશે આ ત્રણ શબ્દ જીવનમાં સુખી થવાનાં મંત્ર જેવા છે, એને અપનાવી અનુકૂળ થતાં શીખીએ.

### સુવિચાર

- તુલા રાશિના રામ અને રાવણ વચ્ચેની પસંદગીમાં જો તમે થાપ નથી જ ખાતા તો કન્યા રાશિના પ્રેમ અને પૈસા વચ્ચેની પસંદગીમાં તમે થાય ન ખાઓ, જીવન ધન્ય બની જશે - **જીવન પાથેય**
- જીવનની આ મેચમાં ત્રણ સ્થળે 'ટેમ્પરામેન્ટ' ટકાવી રાખવાનુંછે, તકલીફોની વણઝાર વચ્ચે, પ્રલોભનોની ઉપસ્થિતિ વખતે અને શુભના સેવનની તક ઊભી થાય ત્યારે - **શ્રી વિજયભુવન ભાનુસૂરિશ્વરજી**
- ઓસ્ટ્રેલિયાના મહાન બેટ્સમેનને એક નવયુવાન ક્રિકેટ ખેલાડીએ 'ટીપ્સ' માંગી, બ્રેડમેને એક જ વાક્યમાં કહ્યું, 'જિંદગીમાં ક્યારેક 'વાઈડ' બોલ (લલચામણા દડા)ની રમવાની ભૂલ કરીશ નહીં' - **બોધિવૃક્ષ**
- નમ્રતા રાખવીએ અડધું ઈમાન છે,
  દરેક ચીજને એક તાળું હોય છે અને ઈમાનનું તાળું નમ્રતા છે - **હદીસ બોધ**
- જરૂરિયાત ડરપોકને પણ સાહસિક બનાવી દે છે - **અખંડ આનંદ**
- બાળકને થોડો પ્રેમ આપી જોજો, તેના બદલામાં તેની પાસે ઘણું મેળવી શકશો - **જહોન રસ્કીન**
- આજનું ઔષધ : સૂંઠના ચૂર્ણને ધોતિયાના કપડામાં ચાળીને તે સૂક્ષ્મ ચૂર્ણ ધીમે ધીમે આંગળીથી દુ:ખાવાની જગ્યાએ માલિશ કરવાથી રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માત્સુ નામના સાધકે આકરી સાધના કરી.કોઈ એની સામે આવે તો સામે પણ ન જુએ. કોઈ એને પૂછે તો કોઈ જવાબ ન આપે. એકવાર ગુરુ એને મળવા આવ્યા. માત્સુ ઝૂંપડીમાં એકલો બેસીને સાધના કરી રહ્યો હતો. માત્સુ જરાય ચલાયમાન ન થયો. ગુરુ એની સાથે ઘણી વાર બેઠા પર માત્સુ મૌન રહ્યા. માત્સુના ક્રૂર મૌનથી વ્યથિત થઈ ગુરુએ એક ઈંટને એક પત્થર સાથે ઘસવાનું સરૂ કર્યું. માત્સુ જુએ ખરો પણ કોઈ પ્રતિસાદ આપતો ન હતો. આમ એક તરફ માત્સુની સાધના ચાલે અને બીજી બાજુ ગુરુ પત્થર ઉપર ઈંટ ઘસે. આખરે એક ઘડી આવી કે માત્સુને પોતાના મૌન પરનાં કાબુ ગુમાવ્યો અને ગુરુને પૂછ્યું, 'અરે, આપ આ શું કરો છો, ઈંટને પત્થર ઉપર શા માટે ઘસો છો ?' ગુરુએ કહ્યું, 'ભાઈ, મારે આ ઈંટને અરીસો બનાવવી છે, આથી તેને પથ્થર ઉપર ઘસી રહ્યો છું.' ગુરુની આવી વાત સાંભળી માત્સુએ કહ્યું, 'અરે, આપ કેવી વાત કરો છો? આ ઈંટ કેવી રીતે અરીસો બની શકે?' ગુરુએ કહ્યું, 'જો ઈંટ અરીસો ન બને તો મન પણ દર્પણ ન બની શકે. તારે મનને કસવાની કે ઘસવાની જરૂર જ નથી, પણ એનાથી મુક્ત થવાની જરૂર છે.' મનએ વિચારના રજકણ જેવં છે. જે રજકણોથી દર્પણ ઢંકાઈ ગયું છે, એનાથી મુક્ત થઈએ ત્યારે જ સત્યની પ્રાપ્તિ થાય છે. આથી મનને સાઓધનાની જરૂર નથી, પણ વિસર્જિત કરવાની જરૂર છે. મન પર દમન નહીં, પણ મનને ઓળખીએ એને 'અ-મન' કરવાથી સાધના સારી થાય છે.

# દલિત કાર્ડ કોંગ્રેસને ફળી શકે છે

તંત્રીસ્થાનેથી...

પંજાબમાં સરકાર કમાન દલિત શીખ ચરણજિતસિંહ ચાન્નીને સોંપવામાં આવી છે. એમના રાજયારોહણમાં હોદ્દા વિહોણા કોંગ્રેસી સર્વેસર્વા રાહુલ ગાંધી હાજર રહેવાના છે. એ હવે નિવૃત્ત કરી દેવાયેલા મુખ્યમંત્રી અમરિંદરસિંહના અનુગામી બને છે. કોંગ્રેસે હાઈકમાન્ડ ઉર્ફે મા-દીકરા-દીકરીની તિકડીએ પરિવારના વર્ષો જૂના વફાદાર સાથી અને રાજીવ ગાંધીના શાળાકાળના સહાધ્યાયી પટિયાળા સ્ટેટના રાજવંશીને અપમાનજનક રીતે હટાવી ચૂંટણીલક્ષી દાવ ખેલ્યો છે. નવજોત સિધ્ધુએ એમની ચબરાકી અને અમરિંદર સામેના ધારાસભ્યોના અસંતોષના પુરાવા રજૂ કરી એમને દાદ નહીં આપનારા વરિષ્ઠ રાજનેતાને બહુ જ શરમજનક હાલતમાં મૂકી દીધા હતા. આખરે સ્વમાની અમરિંદરસિંહે રાજીનામું આપી દઈ ઉભરો ઠાલવી જ દીધો હતો કે પોતાના પ્રત્યે પાર્ટી ધુરંધરોને વિશ્વાસ ન રહ્યો હોય તો બહેતર છે કે પદ છોડી દઈ મારે ભવિષ્યના મારા વિકલ્પો ખુલ્લા રાખવા. અમરિંદરની આ ધમકીથી રાહુલ-પ્રિયંકા ઊલટાનાં વધારે છંછેડાયાં અને એમણે રંધાવા માટે મહદંશે સર્વસંમતિ સધાય એમ હતી પરંતુ તેઓ અમરિંદર જૂથના વફાદાર હતા અને નવજોત સિધ્ધુની વાંધા અરજી માન્ય રાખીને એમના વફાદાર પોપટ જેવા દલિત નેતા પર કળશ ઢોળ્યો છે. ટૂંકમાં પંજાબ કોંગ્રેસ અને સરકાર હવે ક્રિકેટરમાંથી રાજનેતા બનેલા બટકબોલા નવજોત સિધ્ધુના ખીસામાં આવી ગયેલ છે. રંધાવાને ઉપમુખ્યમંત્રીપદ આપીને ટાઢા પાડી દેવાશે અને હિંદુ વસતિના પ્રતિનિધિ તરીકે એકાદ બામણ - વાણિયાને બેસાડી દેવાશે. વરિષ્ઠ કોંગ્રેસી આગેવાન અને ઈંદિરા ગાંધીનાં વફાદાર મહિલા અગ્રણી અંબિકા સોનીને આ પદ માટે પ્રથમ પસંદગીનાં ઉમેદવાર તરીકે દાણો ચાંપી જોવાયો હતો પણ અંબિકા સોની તો નીવડેલા નેતા છે. કેન્દ્રમાં પ્રધાનપદું ભોગવી ચૂક્યાં છે. પોતે થોડા મહિના પૂરતાં મુખ્યમંત્રી બની જઈ કોંગ્રેસને સત્તામાં પુનરાગમન ના કરાવી શકે તો હંમેશને માટે એમના નામનું નામું જ લખાઈ જાય. એથી એમણે સામે ચાલીન આગ્રહ રાખ્યો કે પંજાબ એ 'શીખ સ્ટેટ' છે. એટલે ત્યાં મુખ્યમંત્રી શીખ જ હોવો જોઈએ. શીખોમાં પણ સવર્ણ-દલિતની વાડાબંધી છે. જાટ શીખો સધ્ધર છે, એમનું રાજકીય વજૂદ ઘણું વધારે છે. અમરિંદર જાટ હતા અને રંધાવા પણ જાટ છે. પરંતુ નવજોત ને પોતાના કહ્યાગરો 'કંથ' ખપતો હતો. નવજોત જાતે મુખ્યમંત્રી બનવા તલપાપડ હતા. હાઈકમાન્ડ ઉર્ફે મા-દીકરા-દીકરીની તિડકી નવજોતને નજરઅંદાજ કરી શકે એમ નહોતા. આખરે નવજોતની ચરણચંપી કરે એવા ચરણજિત ચાન્નીને મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય કરાયો છે જે રાજકીય સમીકરણોની દૃષ્ટિએ પરિણામદાયક બની શકે એમ છે. પંજાબમાં ભારતીય જનતા પાર્ટી અને અકાલીદળ વચ્ચેનું ગઠબંધન નકલી ખેડૂત આંદોસનના પગલે તૂટી ગયું છે. માયાવતીએ આ તક ઝડપી લઈને અકાલીદળ સાથે જોડાણ કરી આગામી ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. એ સંજોગોમાં પંજાબને સર કરવા માટે ૩૧ ટકા દલિતોના વોટ અતિ અગત્યના બની રહે એમ છે. કોંગ્રેસે દલિત મુખ્યમંત્રી આપીને એ રમકડાની ચાવી ભલે સિદ્ધુને સોંપી દીધી હોય, પરંતુ માયાવતી - અકાલીદળના જોડાણ ઉપરાંત પંજાબમાં કાઠું કાઢવા મથતી આમ આદમી પાર્ટી સામે મોટો પડકાર તો ઊભો કરી જ દીધો છે. અમરિંદરસિંહ વખારે નંખાઈ ગયા છે. સિદ્ધુ એમને એમનો પડછાયો સુધ્ધાં લેવા તૈયાર નથી એ બાબત હવે કોંગ્રેસ હાઈકમાંડ જાણે છે. અમરિંદરસિંહે ચૂંટણી જીતવા માટે પ્રશાંત કિશોરને કેબિનેટ પ્રધાનનું પદ પધરાવી દીધું હતું પણ એમણે ત્યાંની વિકટ રાજનીતિમાં સંડોવાવાનું પસંદ નથી કર્યું. એ કોંગ્રેસ હાઈકમાંડ સાથે સાંઠગાંઠ રચી રહ્યા છે અને મમતા દીદીના સંપર્કમાં છે. સિદ્ધુ વિશે અમરિંદરે જતાં જતા જે ઝેર ઓક્યું છે તે જોતાં અમરિંદર પોતાની તાકાત અકાલી દળની ઝોળીમાં ઠાલવે એવી શક્યતા પણ નકારી શકાતી નથી. બીજી એક શક્યતા અમરિંદરના ભાજપ પ્રવેશની પણ છે. ભાજપ અત્યારે પંજાબમાં નેતા વિહોણી પાર્ટી છે. જો ખેડૂત કાયદાઓ પાછા ખેંચાવવામાં અમરિંદર સફળ થાય તો તેઓ ભાજપ માટે અસ્કામત બની શકે એમ છે.

# પુસ્તકો અંધારામાં અજવાળા પાથરે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

એના પર રસપૂર્ણ નજર ફેરવી શકાય, એને વાંચી શકાય, એમાં લખેલા શબ્દોના અર્થને સમજી શકાય અને પામી પણ શકાય.

હા, વાત છે પુસ્તકોની. પુસ્તક આપણું દોસ્ત થઈ શકે, પુસ્તક આપણને માર્ગદર્શન આપી શકે, પુસ્તક આપણા વિચારોને ઉદાત્ત અને ઉદાર બનાવી શકે, પુસ્તક આપણા હૃદયમાં પ્રેમ-વાત્સલ્ય-શ્રદ્ધા ને ભક્તિ જેવી અનેક માનવીય સંવેદનાઓ જગાવી શકે, પુસ્તક વાંચીન ખુશ થઈ શકાય, રડી શકાય, નાચી શકાય ને ક્યારેક પ્રકૃતિની ગોદમાં પહોંચી પણ શકાય.

જાતજાતના અને ભાતભાતના લોકપ્રિય અને નવોદિત લેખકોના આવા હજજારો પુસ્તકોના એક મેળામાં હમણાં બે-ત્રણ વાર જવાનું થયું. અવસર નિમિત્તે એમા આનંદ સાથે જોડાવાનું થયું.

વાત છે શ્રી નવભારત સાહિત્ય મંદિર દ્વારા અમદાવાદમાં યોજાયેલા પુસ્તક મેળાની. કોરોના કાળની વિષમતા ઓછી થયાના સમયમાં યોજાયેલા આ બાર દિવસીય મેળા દરમિયાન વિશ્વ વિખ્યાત મહાનુભાવો અને સર્જકો સાથે સંવાદ, બુક લોન્ચ, અભિવ્યક્તિ જેવા કાર્યક્રમો પણ યોજાય. ગુજરાત યુનિવર્સિટી, કર્મા ફાઉન્ડેશન અને અન્ય સંસ્થાઓના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમમાં એક દિવસ ઝાલર ટાણે લેખક પરક ભટ્ટ, આર. જે હર્ષ અને મેં એક વ્યક્તિત્વ સાથે અર્થપૂર્ણ, ભાવાત્મક સંવાદ કર્યો. એ વ્યક્તિત્વ એટલે સમગ્ર વિશ્વમાં અધ્યાત્મિકતાના અને માનવમૂલ્યોના, ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોના પ્રસારક બ્રહ્માકુમારી શિવાની દીદી.

માનવ મન, માનવીય સંબંધો, જીવન શૈલી, રોજિંદી આદતો, રિલેશનસીપ, પ્રેમ-કરુણા - જાત સાથે સંવાદ, ધ્યાન-યોગ જેવા અનેક વિષયો પરના એમના પ્રવચનો અને અભિનેતા સુરેશ ઓબેરોય સાથેના તેમના સંવાદ, અવેકનીંગ વીથ બ્રહ્માકુમારીઝના કાર્યક્રમ દ્વારા એમના વિચારો લાખ્ખો લોકોને પ્રેરણા આપતા રહ્યા છે. એમની મધુર વાણી, સહજ અને સ્પષ્ટ ભાષા, ચહેરા પર સાધવાનું તેજ, ઊર્જા પ્રેરક હાસ્ય અને વાત્સલ્યમયી શબ્દોથી - વાણીથી સભર શિવાની દીદી આ કાર્યક્રમમાં અમારી સાથે વર્ચુઅલ જોડાયા.

આજના સમયમાં ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના આક્રમણ સામે લોકોને, એમાં પણ યુવાનોને કેવી રીતે પ્રેરિત કરી શકાય ? એમાં માતાપિતાની અને પરિવારના સભ્યોની શું ભૂમિકા હોઈ શકે ? પુસ્તકોના વાંચન દ્વારા આધ્યાત્મિક ઊંચાઈ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે? અધ્યાત્મ અને વ્યવસાય કેળવે ? જેવા વિષયો પર શિવાની દીદીએ સ્પષ્ટ - સચોટ અને વાસ્તવિક રીતે જીવનશૈલીમાં અપનાવી શકાય એવા વિચારો પ્રસ્તુત કર્યા હતા.

વ્યક્તિએ, ક્યારેય ખુશી માંગવી ના જોઈએ, પરંતુ હંમેશા ખુશ રહેવું જોઈએ, રોજ વહેલી સવારના અને રાત્રે સૂતા પહેલાનો ઓછામાં ઓછો એક કલાકનો સમય કોઈ પણ પ્રકારના મીડિયા કે માધ્યમથી દૂર રહેવું જોઈએ, મનને કંટ્રોલ કરવાનું રીમોટ કંટ્રોલ વ્યક્તિની પોતાની પાસે હોવું જોઈએ, પોતાનું ભાગ્ય બદલવાની ક્ષમતા વ્યક્તિની પાસે જ છે, જો આપણે ધારીએ તો પળ પળ આપણું જીવન ઉત્સવ બની શકે... એવા વિચારો અને એને અનુરુપ ઉદાહરણો શિવાની દીદીએ ભાવનાત્મક વાતાવરણમાં સંવાદ કર્યો અને આયોજકોને અભિનંદન આપી, લોકોને પણ પુસ્તકો વાંચવા, પુસ્તકો ભેટ આપવા પ્રેરિત કર્યા.

છેલ્લા દાયકાઓમાં મારો પણ એ અનુભવ રહ્યો છે કે પુસ્તકો અંધારામાં અજવાળા પાથરે છે, જ્ઞાનને સમજણના દીવડા પ્રગટાવે છે અને મેં એના અજવાળાને ઝીલ્યા છે. એ અજવાળું ક્ષણિક નથી હોતું બલ્કે આપણને શાશ્વત રુપે યોગ્ય માર્ગે દોરે છે.

# જવાદો ને યાર કઈ કહેવું જ નથી, ખરેખર કશું કહેવું નથી... કહીને શું ફાયદો !

વિચારયાત્રા
ડો. જય ઓઝા

**જવાદો ને યાર કઈ કહેવું જ નથી..**
**ખરેખર કશું કહેવું નથી...કહીને શું ફાયદો !!!**
**કોઈ સમજે છે ? કોઈ સમજતું જ નથી ને!!**
**કોઈ જાણે છે આપણને ? કોઈ જાણતું જ નથી ને!**
**કોઈ સાંભળે છે આપણને ? કોઈ સાંભળતું જ નથી ને!!**
**સાચે જ એમ થાય છે કે આવું કેમ થાય છે ?**
**કંઈ લખવું જ નથી? કોઈ વાંચે છે?**
**ક્યાંય મન ખોલવું જ નથી? કોઈ ખૂલવા દેતું જ નથી ને!!!**
**હું તો ભાઈ ઉકો છુંપજ્યાં જાઉં ત્યાં સમન્દર સૂકો જ છે..**
**હું તો એવો જશ છું જેને માથે હરદમ જૂતિયાં જ છે..**
**જવાદો ને યાર કશું કહેવું જ નથી.. કહીને શું ફાયદો !!**
**- જય ઓઝા**

અરે લખેલું હોય તો તેના એક કે બે અર્થ થાય. બોલીએ તો તેના એક કે બે અર્થ કોઈ સમજે... બોલીએ તો ઊંધુ સમજે લખીએ તો પણ ઊંધું સમજે તો લ્યો બોલવાનું બંધ કર્યું, તો તો કેટલાય અર્થના અનર્થ કર્યા. શું કરવું!! સાલુ એ જ ખબર પડતી નથી. આવું તો ઘણું આપણને થાય. કેટ-કેટલું સાચવીએ કે ભાઈ આમ બોલીશું તો આમ થશે.. તો આવું ધ્યાન રાખીએ. આમ કરશું તો આમ થશે તો આમ ધ્યાન રાખીએ..જો જો હો આમની પાસે તો આ વાત આવી જ રીતે કરાય. બીજી રીતે કરો તો ખોટું લાગી જાય કોઈને માઠું ન લાગે એ માટે અને બધાને સમજતા સમજતા કામ કરતા રહો. સાલું આપણને ક્યારેય કોઈ સમજશે ખરું?

ના ભાઈ ના એવી અપેક્ષા તો રખાય જ નહીં. તમે અહીંયા બધાનું ધ્યાન રાખવા આવ્યા છો, તો પછી લગીર પણ અપેક્ષા રાખવાની નથી કે કોઈ તમને સમજે.

આવું બધું આપણને બધાને કાયમ લાગતું હોય છે. આપણને આપણું વર્તન તો યોગ્ય જ લાગે છે. બીજા બધા અયોગ્ય છે અથવા તો તેમના વર્તન તેમણે સુધારવાની જરૂર છે તેવું આપણે હંમેશા ચોક્કસપણે માનીએ છીએ.

આપણે આપણું પોતાનું આંતરમૂલ્યાંકન કરીને તટસ્થ રીતે કોઈ નિર્ણય પર આવતા નથી, એટલા માટે સિફતપૂર્વક દોષારોપણ કરી દઈએ છીએ. એવું લાગે છે કે જીવનમાં અમુક અંશે સ્ટ્રેસ ફ્રી થવા અથવા તો થોડી માનસિક શાંતિ મેળવવા માટે પણ દોષારોપણ કરી દેવું.. બીજા ઉપર ઢોળી દેવું..એ મનોવૈજ્ઞાનિક રીત સાચી રીત હશે.

એકવાર બીજા પર ઢોળ્યા પછી તમે તો છૂટા..પછી સામેવાળો જાણે. હા હા વળી આ રીત ખોટી નથી આપણે કંઈ ધર્મરાજ યુધિષ્ઠિર થોડા છીએ કે ગામ આખા માટે ચિંતા લઈને, માથે ભાર લઈને ફરીએ ? એટલે જ લાગે છે કે દોષારોપણની આ કલા ઉપરવાળાએ જ થોડા ઘણા અંશે આપણા બધામાં મૂકી હશે. નહીંતર છાશવારે આપણને એવું થોડું થાય કે વાંક મારો તો છે જ નહીં !! હું તો ખોટો છું જ નહીં!! હું પ્રશ્ન ઊભા કરતો જ નથી!!! સમસ્યા મારા તરફથી તો કોઈ છે જ નહીં !!! આ તો બધું બીજાને કારણે થાય છે.

વ્યક્તિને અપેક્ષા સમાજ પાસે કે બહારના માણસો પાસે એટલી બધી નથી હોતી જેટલી પોતાના સ્વજનો પાસેથી હોય છે. જોકે ખૂબ જ સ્વાભાવિક પણ છે કે આપણને આપણા સ્વજનો સમજે આપણને આપણા પરિવારજનો જાણે તેવી ઈચ્છા આપણી રહેવાની જ. તેઓ આપણને અને આપણી ખોટી વાતને પણ સ્વીકારી લે એવું બધું આપણને થયા જ કરે છે.

કેટલીયે વખત વિચાર્યું છે કે આપણા બોલવાથી વાંધો પડતો હોય તો ન બોલ્યામાં નવ ગુણ. પણ, મારી બેટી આ હાડકા વગરની જીભ સખણી રહેતી જ નથી વગર ઈચ્છાએ પણ બોલી જ પડે છે. હવે એને કાપી થોડી નખાય. બહારના અને ત્રાહિત સમક્ષ શું બોલવું, કેટલું બોલવું, ક્યારે બોલવું, કેવી રીતે બોલવું આ બાબતોનું ધ્યાન રાખીએ એ તો બરાબર છે પરંતુ સ્વજનો સમક્ષ પણ આ જ બાબતોનું ધ્યાન રાખવું તો ખૂબ જરૂરી છે. કારણકે બીજા તો બહારના છે તેઓ આપણને સમજે કે ન સમજે તેનાથી મોટો ફરક પડવાનો નથી. પરંતુ જેઓ ઘરના છે તેમના રિસામણાથી તો ચોક્કસ ફરક પડવાનો છે. માન્યું કે આપણે આપણી જગ્યાએ સાચા હોઈશું. બની શકે કે આપણી વાત સાચી હશે પરંતુ તેનું પ્રત્યાયન સાચી રીતે કરાવવામાં આપણે ઊણાં ઊતર્યાં તેથી જ તો તેઓ રિસાયા છે, એ ભૂલવું ન જોઈએ. વાતને રજૂ કરવાની કળા પણ ખૂબ આવશ્યક છે.

વળી પાછા તમે કહેશો કે આવી બધી કલાઓનો ઉપયોગ કે આવી બધી આવડત, આવું જ્ઞાન આપણે આપણા સ્વજનો, મિત્રો આગળ પણ દેખાડવા પડે? ત્યાં તો આપણે મુક્ત રહી શકીએ કે નહીં!!! આપણી વાતનો ભાવાર્થ તેઓ નહીં સમજી શકે તો કોણ સમજી શકશે? પરંતુ ના ત્યાં જ આપણે ભૂલ કરીએ છીએ સ્વજનો, મિત્રો પાસે તો આ કલાઓનો ઉપયોગ કરવો અતિ આવશ્યક છે.

ઘણા મેસેજ whatsappમાં facebookમાં ફરતા હોય છે કે 'જેઓ આપણા નથી તમને સમજાવવાની જરૂર નથી. ભેંસ કે આગે બીન બજાના.. અને જેઓ આપણા છે તેમને સમજાવવાની જરૂર પડતી નથી'. આ વાક્ય આપણે ખૂબ ફોરવર્ડ પણ કરીએ છીએ. ખરેખર તમને એવું લાગે છે કે આ વાક્યને આપણે અનુસરી શકીએ તેમ છીએ? જવાબ છે ના. કારણકે આપણા સ્વજનોને તો સમજાવવાની ખૂબ આવશ્યકતા પડતી હોય છે. આજની ભાગદોડવાળી જિંદગીમાં જ્યારે સંવાદ અને સમય બંને ઓછા પડે ત્યારે ઓછા સમયમાં મૂલ્યવાન સંવાદ કરવો અતિ આવશ્યક છે. કારણકે પહેલાની જેમ સમય વધુ નથી મળતો કે આપણી વાત દ્વારા કે આપણા વર્તન દ્વારા આહત થયેલા આપણા સ્વજનને કે મિત્રોને આપણે નિરાંતે મનાવી શકીએ.

ઝટપટ અને ફટફટવાળી આ જીંદગીમાં પુષ્કાળ તોલી તોલીને બોલો તો જ તેમાં જ બધાની શાંતિ સમાયેલી છે અને શાંતિ હોય ત્યાં સુખ તો હોય જ. પોતાના લોકો સાથે મૂલ્યવાન સમય વિતાવો અને મૂલ્યયુક્ત સંવાદ વધારો તેનાથી જ ગાઢ આત્મીયતાનું મૂળ જળવાઈ રહેશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# પોતાની નિષ્ફળતા અને બીજાની સફળતા એક સરખી કઠે છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

**'ચલો દિલ સે હોલે સે મુશ્કુરાતે હૈ**
**બિના માચીસ કે હી લોગો કો જલાતે હૈ...'**

કેટલાક લોકો આગથી જેટલા નથી દાઝતા તેનાથી વધારે બીજાના વિકાસથી અને એના સફળ અંદાજથી બળીને ખાખ થઈ જતાં હોય છે. ધગધગતા કોલસા કરતાં પણ વધારે બીજાના ચહેરા પરની ખુશી જોઈને આવા લોકોની હથેળીમાં ફોલ્લા પડી જતાં હોય છે. કોઈપણ બુદ્ધિમાન વ્યક્તિ કોઈની સફળતાને કારણે બળવાની મુર્ખામીમાં ક્યારેય ફસાતો નથી. કેટલાક લોકો એવી કમાલ કરતાં હોય છે કે, સભા તો એમની હોય પણ એ સભામાં કેન્દ્ર સ્થાને એના મિત્રની સફળતાની ચર્ચા હોય. ક્યારેય એવી પરિસ્થિતિનું નિર્માણ ન થવું જોઈએ કે, પોતાના દુખથી દુ:ખી થવા કરતાં બીજાના સુખથી વધારે દુ:ખી થઈ જવાય. બીજાના સુખથી દુ:ખી ન થવા માટે માનસિક જાગૃતિ જોઈએ. કોઈનું સુખ ન જોઈ શકવાની વાત બહુ મોટી માનસિક બિમારી છે. એ તો નિર્વિવાદ છે કે, દુનિયામાં જે વ્યક્તિ નાકામિયાબ હોય એની સૌ મજાક ઉડાવે અને બીજી બાજુ જે વ્યક્તિ સફળ હોય, જે વ્યક્તિ સુખી હોય, જે વ્યક્તિ આગળ હોય એનાથી લોકોને બળતરા થતી હોય. જ્યારે તમે ફીકર કરો છો ત્યારે અંત:કરણથી દુ:ખી થઈ જાઓ છો. પણ જ્યારે તમે બેફિકર બનો છો ત્યારે બીજા લોકો ફીકરથી બળવા લાગે છે.

બે મિત્રોની વાત છે. બન્ને મિત્રોએ શહેરની પ્રતિષ્ઠિત આર્કિટેકચરલ સંસ્થામાં આર્કિટેક્ટ સ્નાતકનો અભ્યાસ કર્યા બાદ પોતાનો વ્યવસાય શરૂ કર્યો. જોત જોતામાં ત્રણેક વર્ષમાં એક મિત્રની શહેરમાં બોલબાલા થવા લાગી. એનો વ્યવસાય કુદકે ને ભુસકે આગળ વધવા લાગ્યો. જ્યારે બીજો મિત્ર હજુ ત્યાંનો ત્યાં જ હતો. જે મિત્રનો વ્યવસાય આગળ ન વધી શક્યો એને સફળ થયેલા મિત્રથી બળતરા થવા લાગી. એ મનોમન વિચારવા લાગ્યો, મારા કરતાં એનું નસીબ વધારે સારું છે. વળી, એના પરિવારનો એને મજબૂત સપોર્ટ પણ છે. આ બાબત અર્થ વગરના બહાના શોધીને મનોમન દુ:ખી થવાની વાતને નોતરવાની છે. હકીકતમાં તો નિષ્ફળ ગયેલા મિત્રએ સફળ થયેલા મિત્રની ક્વોલિટી ઉપર ધ્યાન આપવું જોઈતું હતું. પરંતુ તેણે પોતે નિષ્ફળ કેમ ગયો એ બાબતને પુરવાર કરવામાં સમય વ્યતિત કર્યો. જો એણે આગળ વધેલા મિત્રની લાક્ષણિકતાઓનો અભ્યાસ કરીને

નિષ્ઠાપૂર્વક પોતાની મર્યાદાઓ દૂર કરવાનો પ્રયાસ કર્યો હોત તો કદાચ એ પણ આગળ વધી શક્યો હોત.

થોમસ આલવા એડિસને ૯૯૯૯ વાર વીજળીના બલ્બની શોધ કરવા માટેના પ્રયાસોમાં પછડાટ ખાધી. એડિસન અનેક વાર નિષ્ફળ ગયા હતા. પરંતુ એમણે પ્રયાસ કરવાનો છોડી ન દીધો. એમણે એમ પણ ન વિચાર્યું કે મારું નસીબ નથી કે મારી ક્ષમતા નથી. વીજળીના બલ્બની શોધ અન્ય કોઈ ક્ષમતાવાળો વ્યક્તિ કરશે. એવી જ રીતે કોલોનિયલ સેન્ડર્સે કેએફટી કંપનીની સ્થાપના કરવા માટે ૧૦૦૯ પ્રયાસો કર્યા પછી એ સફળ ન થયો. નસીબને કે બીજા કોઈને દોષ દેવાને બદલે સેન્ડર્સે પ્રયાસો ચાલુ રાખ્યા અને ૬૦ વર્ષની ઉંમરે કેએફટી કંપનીની સ્થાપના કરી. કેએફટીની પ્રગતિના ઈતિહાસથી દુનિયા અજાણ નથી.

જ્યારે બે વ્યક્તિ એક સાથે એક સમયે કોઈ એક ક્ષેત્ર માટે પ્રયાસ કરે અને કોઈ એક આગળ વધે અને બીજો ત્યાંનો ત્યાં જ રહી જાય ત્યારે આગળ ન વધવાના કારણોની તપાસ કરવી પડે. કોઈ એવી વાત જરૂર છે કે, નિષ્ફળ ગયેલો વ્યક્તિ આગળ વધેલા વ્યક્તિની હરોળમાં નથી પહોંચી શક્યો. જીવન એક નૃત્ય જેવું છે. ખૂબ સમજી વિચારીને સ્ટેપના રીયાઝ કરીને નૃત્ય કરવામાં આવે તો એ એટલું આકર્ષક નથી લાગતું. પણ મનથી મસ્ત બનીને નૃત્ય કરવામાં આવે તો એ અવશ્ય આહલાદક બની જતું હોય છે. હા, એક વાત ચોક્કસ છે કે, નૃત્યનું જ્ઞાન હોવું જોઈએ. એની પાછળ ગોખણપટ્ટી ન હોવી જોઈએ. ઘણી વાર એવું બનતું હોય છે કે, મજાક મજાકમાં પોતે જ્યાં ઈન્ટરવ્યુ આપવા જતો હોય ત્યાં મિત્રને પણ જોડે લઈ જાય અને એ ઈન્ટરવ્યૂમાં સ્વયં નિષ્ફળ જાય અને એમને એમ આવેલા એના મિત્રની પસંદગી થઈ જાય. અહિં આ કાલ્પનિક ઉદાહરણમાં સમજવા જેવી વાત એ છે કે, જે મિત્ર જસ્ટ ફોર અ ફન ઈન્ટરવ્યૂ માટે ગયો હતો એના મન ઉપર કોઈ ભાર ન હતો. એ તો મનની મસ્તીથી ઈન્ટરવ્યૂ આપવા ગયો અને કદાચ એટલે જ એ પસંદ થયો. જ્યારે બીજો મિત્ર ખૂબ તૈયારી કરી માનસિક તણાવ સાથે ઈન્ટરવ્યૂમાં ગયો એટલે કદાચ એ ઈંટર્વ્યુમાં સારો દેખાવ ન કરી શક્યો.

માનસિક બળતરા વ્યક્તિએ પોતે ઊભી કરેલી ગંદગી છે. જ્યારે આ ગંદગીની દૂર્ગંધ વ્યક્તિ સહન નથી કરી શકતો ત્યારે એ હાંફળો ફાંફળો બની જાય છે. ચિંતક જે. ક્રિશ્નમૂર્તિજીએ કહ્યું છે કે, માણસના હૃદયમાં પડેલી આકાંક્ષાઓ, તકલીફો, સવાલોને પૂર્ણ સ્વરૂપે બહાર આવવા દેવી જોઈએ. જેમ છોડ ઉપર એક કળી ખીલીને પુષ્પ બને છે અને પછી એ ખરી પડે છે. બરાબર એ જ રીતે મનમાં ઊઠેલા પ્રત્યેક સવાલને બરાબર વિકસવા દેવા પડે. ક્યારેય પ્રશ્નોને અન્યત્ર વાળવા કે દબાવવાનો પ્રયાસ ન કરવો. જે વ્યક્તિ માથું ઊંચું કરીને લડી શકતો નથી એ કાયરતાપૂર્ણ બળતરાના શસ્ત્રની સહાયતા લેતો હોય છે. જીવનમાં કદમ કદમ પર અને શ્વાસે શ્વાસે ઈર્ષા, દ્વેષ, વેરની બળતરા પેદા થવાની જ છે. પોતાના આંતરિક અભાવને અને પોતાની અણઆવડતને છૂપાવવા માટે વ્યક્તિ ઈર્ષાનો સહારો લેતો હોય છે. યોગ્ય સમજ વગર ખોટી દિશામાં દોડતા મનને કારણ